ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર સેવાની સુવાસથી મહેંકે છે

## નગરના મુખ્ય માર્ગો સેવાકેન્દ્રોથી ધમધમે છે : સતત ૨૦ થી વધુ વર્ષોથી સેવા આપતા વિસામા : નગરના યુવાનો પદયાત્રીઓની સેવામાં ખડેપગે : અનેક સેવા કેન્દ્રો પર મેડીકલ સારવાર ઉપલબ્ધ : પદયાત્રીઓને ભોજન સહિત ગરમા ગરમ નાસ્તા અને ચા-કોફી પીરસાય છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરમાં ચો તરફ ભક્તિનો માહોલ છવાયો છે. એક તરફ ઠેર ઠેર ગણેશોત્સવની ધૂમ મચી છે. જેમાં નગરના અબાલવૃદ્ધ સૌ કોઈ ગણપતિમય બન્યા છે. તો બીજી તરફ ભાદરવી પૂનમના મેળામાં અંબાજી ચાલતા જતા પદયાત્રીઓ નગરમાંથી પસાર થઈ રહ્યા છે. આ પદયાત્રીઓને નગરવાસીઓ સેવા કેન્દ્રો દ્વારા આવકારી રહ્યા છે અને તેમની સેવા કરી અંબાજી ગયાનું પુણ્ય પણ મેળવી રહ્યા છે. નગરજનોના અતિથ્ય અને સેવાથી પદયાત્રીઓ પણ ભાવવિભોર બની રહ્યા છે.

નગરમાં અંબાજી તરફ જવાના માર્ગો પર હવે પદયાત્રીઓની સંખ્યામાં વધારો થઈ જવા પામ્યો છે. વિવિધ સંઘો સાથે ક્યારેક મોટી સંખ્યામાં પદયાત્રીઓ 'જય અંબે'ના જયઘોષ કરતા પગપાળા જઈ રહ્યા છે તો ઘણા યુવાનો અને મોટી સંખ્યામાં શ્રમજીવી શ્રદ્ધાળુઓના ટોળે ટોળાં નગરના રાજમાર્ગો પર ચાલતા જોવા મળી રહ્યા છે. આદ્યશક્તિ મા અંબાના ચરણોમાં પદયાત્રા થકી પોતાની ભક્તિ સમર્પિત કરવા જતાં પદયાત્રીઓને નગરના સેવાભાવી ભાવિકો હૃદયથી આવકારી ગાંધીનગરની સેવા ભાવના અને આતિથ્ય ભાવનાને ઉજાગર કરવામાં કોઈ પાછીપાની રહી ના જાય તે માટે કટીબદ્ધ બન્યા છે.

ગાંધીનગરમાં કેટલાક સેવા કેન્દ્રો ૨૦ વર્ષથી પણ વધુ સમયથી ચાલી રહ્યા છે. જેમાં પંચદેવ યુવક મંડળ દ્વારા ચ-૦ સર્કલ પાસેનું સેવાકેન્દ્ર, ક-૫ સર્કલે સે. ૨૫ની ઈલેક્ટ્રોનિક્સ જીઆઈડીસીના મેઈન ગેટ પાસેનું સેવા કેન્દ્ર અને કુડાસણ વિસ્તારમાં પ્રતિક મોલ સામે કુડાસણ યુવક મંડળ દ્વારા ચલાવાતા સેવા કેન્દ્રનો સમાવેશ થાય છે. ચ-૦ સર્કલ પર આવેલા પંચદેવ યુવક મંડળ દ્વારા સંચાલિત સેવા કેન્દ્રમાં સતત ૨૦ મા વર્ષે પણ યુવાનો એટલા જ ઉત્સાહથી પદયાત્રીઓની સેવા કરી રહ્યા છે. ૩૫ સભ્યોના આ યુવક મંડળ દ્વારા તેમના સેવા કેન્દ્ર પર ૨૪ કલાક ચા-કોફી અને ગરમ નાસ્તાની સગવડ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત લીંબુ પાણી અને પીવા માટેના ઠંડા મીનરલ પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સેવા કેન્દ્ર પર દરરોજ વિવિધ નાસ્તા બનાવવામાં આવે છે. આ ઉપરાંત આ કેન્દ્ર પર જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા મેડીકલ સારવાર અને દવાઓ પણ વિના મૂલ્યે પુરી પાડવામાં આવી રહી છે.

અમદાવાદ તરફથી ગાંધીનગર આવતા કોબા હાઈવે પર આવેલ કુડાસણ યુવક મંડળ દ્વારા સંચાલિત પદયાત્રી વિસામા કેન્દ્રને આ ૨૭ મુ વર્ષ છે. સૌથી જુના આ વિસામા પર પદયાત્રીઓ માટે આઈસ્ક્રીમ, ચા-કોફી, ઠંડુ મીનરલ પાણી વગેરેની સગવડ ઉપલબ્ધ રખાઈ છે. આ ઉપરાંત અહીં પદયાત્રીઓને આરામ કરવા ખાટલા અને ખુરશીઓની પણ વ્યવસ્થા રખાઈ છે. આ કેન્દ્ર નરેન્દ્ર મોદી સહિત શંકરસિંહ વાઘેલા અને દિલીપ પરીખ જેવા મુખ્યમંત્રીઓના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કનુભાઈ આત્મારામ પટેલના વડપણ હેઠળ રોહિતભાઈ ઠાકોર, અમરતભાઈ પટેલ, પ્રવિણભાઈ સાધુ, શંકરભાઈ અને દિલીપભાઈ સહિત અનેક યુવાનો ખડે પગે સેવા આપી રહ્યા છે. સેક્ટર-૨ પાસે

● અનુસંધાન પાન--૭ પર



### મોદીએ પણ આ કમાન્ડોની સેવાની કદર કરી હતી

અંબાજી માટેના પદયાત્રીઓની સેવામાં એક તરફ ઘ-૬ સર્કલ પાસે ખૂબ જ ચકોર અને બાહોશ જાંબાજ કમાન્ડો સેવા આપી રહ્યા છે જેમાં તેઓ પગપાળા ચાલતા થાકેલા અથવા પગની નસ ચઢી ગયેલા પદયાત્રીઓને માલીશ સુદ્ધા કરી આપે છે. તો બીજી તરફ જીઆઈડીસી પરિવાર દ્વારા કરાયેલા વિસામામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે સન્માન પામેલા સેવક પણ ખડેપગે સેવા કરી રહ્યા છે. આ વર્ષે ૨૧માં વર્ષમાં પ્રવેશેલા જીઆઈડીસી પરિવારના સેવા કેન્દ્રના મુખ્ય સેવાભાવી એ.વી. ખુમાનને જ્યારે તેમના વિસામાનું ૧૪મું વર્ષ હતુ ત્યારે અંબાજી ખાતે નરેન્દ્ર મોદીના હસ્તે શાલ ઓઢાડી પ્રમાણપત્ર આપી તેમની આ સેવાઓને બિરદાવવામાં આવી હતી. આ કેન્દ્ર પર એ.વી. ખુમાન સાથે પી.વી. ઝાલા, નટુભાઈ મકવાણા, ચેતન ત્રિવેદી અને તેમના સાથીઓ સતત ૨૪ કલાક સેવાઓ પુરી પાડી રહ્યા છે.







(તસવીર : સમીર રામી)



# હવે મોદીને ગુજરાત કહી શકે છે, 'કુછ દિન તો ગુજારો ગુજરાત મે'

## અમિતાભની એડ ફિલ્મો પૂરી થઈ અને વિપુલ મિત્રાની નોકરી પણ

ભારતના વડા-ધાન બન્યા પછી નરેન્દ્ર મોદી ગુજરાત આવ્યા નથી. પૂરા ૧૦૦ દિવસ વિતી ચૂક્યા છે. તેઓ જયારે ગુજરાતના ચીફ મિનિસ્ટર હતા ત્યારે તેમણે હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર અમિતાભ બચ્ચનને ટુરિઝમ પ્રમોટ માટે એમ્બેસેડર બનાવ્યા હતા. અમિતાભની એડ ફિલ્મનું ટાઈટલ હતું કે કુછ દિન તો ગુજારો ગુજરાત મે... આ ટાઈટલ હવે નરેન્દ્ર મોદીને લાગુ પડી શકે છે, કારણ કે ગુજરાત છોડ્યા પછી તેઓ દિલ્હીમાં બેઠાં બેઠાં ગુજરાતની ચિંતા કરે છે પણ ગુજરાત આવી શક્યા નથી. ગુજરાતની છ કરોડની જનતા, ખાસ કરીને પ્રદેશ ભાજપ મોદીને કહી શકે છે કે સાહેબ, કુછ દિન

**ગુજરાત હવે, ઇકોનોમિક ટાઇગર ...**

ગુજરાતના સિંહો દુનિયાભરમાં પ્રખ્યાત છે તેમ હવે ગુજરાતના સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન પણ દેશભરમાં ઈકોનોમિક ટાઈગર જેવા બન્યા છે. એક રિપોર્ટ જણાવે છે કે ભારતમાં કુલ ૧૯૨ સેઝ આવેલા છે. અલબત્ત, એકલા ગુજરાતના સેઝમાંથી ૪૫ ટકા નિકાસ થઈ છે. ભારતના વિવિધ ઝોનમાંથી નિકાસનો કુલ આંકડો ૪.૯૪ લાખ કરોડ છે જે પૈકી ગુજરાતનો હિસ્સો ૨.૨૫ લાખ કરોડ છે જયારે અતિ વિકસિત રાજય મહારાષ્ટ્રમાંથી ૫૬૩૯૯ કરોડ અને કર્ણાટકમાંથી ૫૧૩૭૨ કરોડની નિકાસ થઈ છે. ગુજરાતના ૫૭ સેઝ માંથી ૧૮ સેઝ એવા છે કે જયાં પ્રોડક્શન શરૂ

**સરકારનું નાણા બચાવો અભિયાન, રાજય બહારના પ્રવાસમાં બ્રેક**

**ટાઈમ લાઈન**

**- ગૌતમ પુરોહિત**

**ગુજરાતમાં ટાઈગર સેન્ચ્યુરી, જ્યાં વાઘ નથી, ડોલર પેદા થાય છે**



તો ગુજારો ગુજરાત મે....

● અનુસંધાન પાન-૭ પર

# સામાજીક ક્ષેત્ર માટે રાજ્ય સરકાર કોન્સીલીડેટેડ ડોક્યુમેન્ટ તૈયાર કરશે

## ડોક્યુમેન્ટમાં ૧૪ વિભાગોને સ્પર્શતી બાબતોનો સમાવેશ કરાશે : ડોક્યુમેન્ટ તૈયાર કરવા સ્ટિયરીંગ કમિટીની રચના : ચાર માસમાં ડોક્યુમેન્ટ તૈયાર કરાશે : સરકાર દ્વારા ભવિષ્યમાં હાથ ધરાનાર બાબતોને ડોક્યુમેન્ટમાં પ્રાધાન્ય અપાશે

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યમાં સામાજીક ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે એક (એકત્રીત) સંકુલીત ડોક્યુમેન્ટ તૈયાર કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લઈને આ અંગેની કામગીરી એક ખાનગી એજન્સીને સોંપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સામાજીક સેવાઓને લગતી બાબતો જુદા જુદા વિભાગોને સ્પર્શે છે જેના કારણે આ વિભાગો દ્વારા અલગ અલગ કામગીરી કરવામાં આવતાં સંતુલન જળવાતુ નથી. અને તેના પરિણામે સામાજીક સેવાક્ષેત્રે નક્કી કરેલા લક્ષ્યાંકો સિદ્ધ કરી શકાતા નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સામાજીક ક્ષેત્રનો સર્વાંગી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં વરસાદના વિઘ્ન વચ્ચે ગણેશ મહોત્સવના આયોજકો ચિંતિત

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં મન મોજીલા વરસાદના પગલે ગણપતિ મહોત્સવના આયોજકો દસ દિવસ દરમિયાન યોજાતા કાર્યક્રમોને લઈ મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. વરસાદના વિઘ્ન વચ્ચે રાત્રીના કાર્યક્રમ પર પાણી ફરી વળ્યુ છે.

ગાંધીનગર શહેરમાં ગણેશ મહોત્સવને લઈ ઠેર-ઠેર ગણેશ ભક્તો દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. ગણેશ પંડાલોના આયોજકો દ્વારા રાત્રિના સમયમાં હાસ્ય દરબાર, સુંદરકાંડ, લોકડાયરો, ગીત સંગીત અને રાસ-ગરબા જેવા સાર્વજનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પરંતુ છેલ્લા બે વર્ષથી અનિયમિત વરસાદના પગલે આવા કાર્યક્રમો પર પાણી ફરી રહ્યું છે. ચાલુ વર્ષે વરસાદના ભયને પગલે ગણેશ પંડાલોના આયોજકોએ આખા પંડાલ વોટર પ્રુફ બનાવ્યા છે. પરંતુ વિવિધ કાર્યક્રમો ખુલ્લા મેદાનમાં કરવા પડે છે. કાર્યક્રમમાં વરસાદ વિઘ્ન બનતા આયોજકોએ ગોઠવેલા કાર્યક્રમ બંધ રાખવાનો વારો આવે છે. પરિણામે આવનાર દિવસોમાં વરસાદ પડશે કે નહી તેને લઈ આયોજકો ભારે ચિંતાતુર બન્યા છે.

### નામ બદલેલ છે

હું કુ. પરમાર મોરલીબેન હસમુખલાલ (પ્લોટ નં. ૧૧૯૪, સેક્ટર-૨૭, ગાંધીનગર) હવે, શ્રીમતી ચૌહાણ મોનીકા રણજીતકુમાર તરીકે ઓળખાઈશ

સહી/-

શ્રીમતી ચૌહાણ મોનીકા રણજીતકુમાર

### ખૂણે... ...ખાંચરેથી

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે સુપ્રિટેન્ડેન્ટ ડૉ. અરૂણ વ્યાસ તથા સિનીયર મે.ઓ. હસમુખ નાયકે ગણેશ પૂજા કરી હતી.

● ગાંધીનગર ઈન્ડિયન મેડીકલ એસો.ના સભ્યોએ આજે સાયન્સ સીટી ખાતે પીકનીકનું આયોજન કર્યું હતું.

● ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે કર્મચારીઓએ ગઈકાલે કલેક્ટરની ટકોર બાદ કચેરીનું સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું.

● ગાંધીનગર માલધારી સમાજ દ્વારા ક-૭ ખાતે સતત ૮ મા વર્ષે અંબાજી જતા પદયાત્રીઓ માટે સેવા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

● ગાંધીનગરના અગ્રણી વેપારી અને કલ્ચરલ ફોરમના ઉપપ્રમુખ જ્યોતિન્દ્રભાઈ વ્યાસ (પૂજા પાર્લર)ના પિતા શ્રી બચુભાઈ મોહનભાઈ વ્યાસનું ગઈ મોડી રાત્રે અવસાન થયેલ છે. સદ્‌ગતની અંતિમ યાત્રામાં વેપારીઓ અને કલ્ચરલ ફોરમના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.




SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com